દિવ્ય ભાસ્કર અમદાવાદ બોટાદ ભાસ્કર 23-07-2021

# ઈયાવા અને મોડાસર ગામે સમુદાય હેલ્પ ડેસ્ક શરૂ

ભાસ્કર ન્યૂઝ | સાણંદ

આજ રોજ માહીતી સંસ્થા ધોલેરા(NGO)દ્વારા બોસ્ક રેસરોથ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી ના નાણાંકીય સહયોગ થી સાણંદ તાલુકાના ઈયાવા અને મોડાસર ગામે સમુદાય હેલ્પ ડેસ્ક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ સેન્ટર દ્વારા સાણંદ તાલુકાના ઈયાવા, નાનીદેવતી, મોડાસર અને વાસણા એમ ૪ ગામોમાં કામગીરી કરવામાં આવશે. આ સેન્ટર શરૂ કરવાનો હેતુ વંચિત અને ગરીબ સમુદાયના લોકોને સરકારની વિવિધ યોજના સાથે જોડાણ કરી યોજનાઓમાં લાભ અપાવવાનું અને જાગૃત કરવાનું કાર્ય શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં ૩૪૭ લાભાર્થીઓને સરકારી યોજના સાથે જોડાણ કરી અને લાભ અપાવવાની કામગીરી કરી છે. આ કાર્યક્રમના ઉદઘાટન કાર્યક્રમમાં બોસ્ક રેસરોથ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડાયરેકટર દિપકભાઈ ચેલાણી, તાલુકા વિકાસ અધિકારી સપનાબેન રાજપુત,સાણંદના મામલતદાર વી.એસ.ઝીડ,ગુજરાત સી.એસ. આર. ઓથોરિટીના રમીલાબેન મહેશ્વરી, માહિતી સંસ્થા ધોલેરાના ટ્રસ્ટી દેવુબેન પંડ્યા,પ્રોજેક્ટ મેનેજર દિનેશભાઈ પંડ્યા, ભાલ મહિલા બચત મંડળીમાંથી જયાબેન મેર, ઈયાવા ગામના સરપંચ સાગરસિંહ ઈયાવા,ગામના 100 થી વડીલો,ભાઈઓ,બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.